Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# લોકસાહિત્યની કેટલીક વ્યાખ્યાઓ અને તેની લાક્ષણિકતાઓ

પટેલ જીતેન્દ્રકુમાર મંગળાજી

(Ph.d, Student, Gujarati, HNGU Patan)

મુંપો-દંતોડ,તાલુકો-વિજયનગર,જિલ્લો-સાબરકાંઠા,પીન-૩૮૩૪૬૨

## • લોકસાહિત્યની વ્યાખ્યાઓ :

લોકસાહિત્ય એટલે પરાપૂર્વથી ઉતરી આવેલ લોકસ્મૃતિએ વાગોળાતું, રમતું, લોકકંઠે જીવંત રહેલું સાહિત્ય. આ સાહિત્ય ક્યાંથી ઉતરી આવ્યું ? તેના રચયિતા કોણ ? વગેરે પ્રશ્નોના જવાબ આજ સુધી કોઈ પણ આપી શક્યું નથી. પરંતુ એટલું ચોક્કસ પણે કહી શકાય કે લોકસાહિત્ય એ લોકોનું સાહિત્ય છે. એટલેકે લોક જ તેના કર્તા છે. લોકોએ પોતાના કંઠમાં સચવાયેલ એવી કંઠસ્થ પરંપરાને સમાજને અર્પણ કરી છે. અને પોતાના વ્યક્તિત્વની ઓળખને કાયમને માટે છૂપાવી રાખી છે. તેની ઓળખની ગંધ પણ કોઈને આવવા દીધી નથી પશ્ચિમનાં તથા ભારતીય વિદ્વાનોએ લોકસાહિત્યની વ્યાખ્યાને ભિન્ન ભિન્ન સ્વરૂપે આપવાનો પ્રયત્ન કર્યો છે. જે નીચે પ્રમાણે છે.

- **પશ્ચિમનાં વિદ્વાનોએ આપેલી લોકસાહિત્યની વ્યાખ્યા** :

(૧) **આર્ચર ટેઈલર** નોધે છે કે'

''Folklore expressed in words''

'' લોકસાહિત્ય એટલે શબ્દોમાં સ્ફૂટ થતી વિદ્યા"

ર ટેઈલરની આ વ્યાખ્યા લોકસાહિત્યની ભાષા કે બોલીમાં સ્પષ્ટ થાય છે. લોકસાહિત્ય શબ્દના બંધનમાં બાંધી શકાય નહિ એતો પરંપરા દ્વારા નિર્માણ પામેલ સાહિત્ય છે.

(૨) **F.S.Etily** નોંધે છે કે,

"Spoken sung and voiced forms of traditional utterance that saw repetitive patterns''

"લોકસાહિત્ય એટલે મૌખિક રીતે વાહન થયેલ સાહિત્ય,જેમાં પુનરુક્તિ કે આવર્તન પામતી ભાત હોય."

એફ.એસ.અટલી લોકસાહિત્યની વ્યાખ્યા આપતા એ બાબતો પર ધ્યાન દોરે છે કે લોકસાહિત્ય એ મૌખિક શ્રેણીથી ઉતરી આવેલુ સાહિત્ય છે. એથી એમાં વારંવાર પુનરાવર્તન અને પરિવર્તન થાય એ સ્વાભાવિક છે.

(૩) **ડોર્સન** નોધે છે કે,

''Oral literature can and frequently does into written literature''

"કંઠસ્થ સાહિત્ય એ લેખિત સાહિત્યમાં સાહજીકતાથી પ્રવિષ્ટ થઇ શકે"

- **અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં અનેક વિચારકોએ આપેલ વ્યાખ્યાઓ:**

**(૧) ઉમાશંકર જોશી લોકસાહિત્યની વ્યખ્યા આપતા કેહે કે,**

"લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું, લોકકંઠે ગવાતું સાહિત્ય કોણ જાણે તે કૃતિ ક્યારે રચાઇ હશે. જમાને જમાને બદલાતી ભાષામાં લોકજીભે એનું રૂપાંતર થતું આવતું હોઇ અત્યારે બોલાતી ભાષામાં એ સાંભળવા મળે છે. અલબત, લોકસાહિત્ય એ લોકકંઠની હલક દ્વારા અને નહિ કે પોથીઓમાં જીવતું હોઈ,સ્થળની જુદી જુદી બોલીઓમાં એ મળવાનું."

ઉમાશંકર જોશી લોકસાહિત્યની આ વ્યાખ્યામાં એ બાબત પર ધ્યાન દોરે છે કે લોકસાહિત્ય કંઠસ્થ સાહિત્ય છે. તેનો કર્તા હંમેશા અજ્ઞાત રહ્યો છે. લોકસાહિત્ય એ લોકકંઠમાં અને પુસ્તકોમાં જ જીવતું નથી, એતો જમાને જમાને અને ગામે ગામે બદલાતી બોલીઓમાંથી પ્રાપ્ત થાય છે.

**(૨) ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યની વ્યખ્યા આપતા કેહે કે,**

"લોકસાહિત્ય એ બોલાતી જનવાણીનો નીચોડ છે. સાહિત્યવાણીને વારંવાર એ લોકવાણીએ પોતાના મેઘજળ પીવડાવીને વહેતી રાખી છે."

ઝવેરચંદ મેઘાણીએ આ વ્યાખ્યામાં 'સાહિત્યવાણી' અને 'લોકવાણી' એવા બે સમાનાર્થી શબ્દો ઉપયોગમાં લીધેલા છે અને તેમાં બીજો 'જનવાણી' એવો એક ભવ્ય શબ્દ આપ્યો છે. એમણે આપેલ વ્યાખ્યામાં 'જનવાણી' અને 'લોકવાણી' એવા સમાનાર્થી શબ્દો આપ્યા છે. આમ ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યવાણી, 'જનવાણી' અને 'લોકવાણી' દ્વારા લોકસાહિત્યની હેલી હંમેશા અવિરત રહે તેવું માને છે.

**(૩) જશવંત શેખડીવાળા લોકસાહિત્યની વ્યખ્યા આપતા કેહે કે,**

"લોકસાહિત્ય એટલે પરાપૂર્વથી મૌખિક પરંપરા દ્વારા લોકોમાં ઉતરી આવેલું, કંઠોપકંઠ પ્રચાર-પ્રસાર પામેલું, જીવંત લોક્બોલીઓમાં રચાયેલું, લોકજીવન અને પ્રાકૃતિક પરિવેશ સાથે સંકળાયેલું કંઠસ્થ સાહિત્ય લોકો દ્વારા,લોકો માટે સર્જાયેલું લોકોનું સાહિત્ય."

**(૪) ડૉ. હસુ યાજ્ઞિક લોકસાહિત્યની વ્યખ્યા આપતા કેહે કે,**

"લોકસાહિત્ય એટલે કોઈપણ પ્રદેશ અને એની ભાષા બોલીઓમાની કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાથી, ગવાતી, રચનાઓ જે લોક-માણસમાંથી ઉદભવેલી,લોકમાણસ દ્વારા ઘડાયેલી અને લોકલક્ષી હોય."

હસુ યાજ્ઞિક લોકસાહિત્યની આ વ્યાખ્યામાં એ બાબત પર ધ્યાન દોરે છે કે લોકસાહિત્યની રચનાઓ જે લોકમાનસ માંથી ઉદભવેલી, ઘડાયેલી અને લોકસમૂહ દ્વારા પરંપરાથી કહેવાતી, ગવાતી આવી છે. લોકસાહિત્યની રચનાઓ લોક પરંપરામાંથી જ જન્મતી, વિકસતી અને તરતી રહે છે.

**(૫) નરેશ વેદ લોકસાહિત્યની વ્યખ્યા આપતા કેહે કે,**

"લોકસાહિત્ય એ મુખ્યત્વે નિરક્ષર લોકોના મૌખિક શબ્દ દ્વારા સર્જાતું અને સંક્રમિત થતું સાહિત્ય છે."

નરેશ વેદ આ વ્યાખ્યાની સ્પષ્ટતા કરતા જણાવે છે કે લોકસાહિત્ય એ અભણ અને નિરક્ષર લોકોના કંઠમાંથી રચાયેલું સાહિત્ય છે અને ચોતરફ ફેલાયેલું છે. અને લિખિત સામગ્રી દ્વારા રચાયેલ ગદ્ય અને પદ્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે.

**(૬) જોરાવરસિંહ જાદવ લોકસાહિત્યની વ્યખ્યા આપતા કેહે કે,**

"લોકસાહિત્ય એટલે ગ્રામપ્રજાનું સાહિત્ય. પરંપરાથી લોકવાણીમાં કંઠસ્થ સ્વરૂપે સચવાયેલું સાહિત્ય. કોઠાસૂઝવાળા અભણ માનવીઓ દ્વારા રચાયેલું લોકસમાજમાં ફરતું-તરતું સાહિત્ય."

**(૭) ડૉ. બળવંત જાનીનોંધે છે કે,**

"લોકસાહિત્ય એટલે ચોક્કસ પ્રકારના પ્રાદેશિક ઢાળ-ઢંગમાં હાવભાવ સાથે રજૂ કરવા માટેનું, જોવાનું, સાંભળવાનું, માણવાનું, અનુભવવાનું સાહિત્ય."

- **લોકસાહિત્યની લાક્ષણિકતાઓ** :

પાશ્વાત્ય અને ભારતીય વિદ્વાનોએ આપેલ લોકસાહિત્યની વ્યાખ્યાઓમાથી નીચે પ્રમાણે લોકસાહિત્યના લક્ષણો પ્રાપ્ત થાય છે.

(૧) લોકસાહિત્ય અશિક્ષિત લોકો પાસેથી પ્રાપ્ત થતું કંઠસ્થ સાહિત્ય છે. તે લોકકંઠે રચાયેલું અને સચવાયેલું પારંપરિત સાહિત્ય છે.

(૨) લોકસાહિત્ય તે મુખ્યત્વે લોકપરંપરાઓમાંથી પ્રાપ્ત છે. તે હંમેશા લોકબોલીઓમાં જ હોય છે. લોકગીત કે લોકવાર્તાઓ તે જે વિસ્તાર કે જ્ઞાતિની લોકબોલીમાં જ રચાયેલા છે.

(૩) લોકસાહિત્ય તે ગ્રામિણ વિસ્તારોમાંથી રચાયું છે. તે અશિક્ષિત-અભણ અને ક્યારેક શિક્ષિત લોકો પાસેથી અને સમાજના નીચલા સ્તરના લોકો પાસેથી પણ પ્રાપ્ત થાય છે.

(૪) લોકસાહિત્યની રચના કોણે, ક્યારે, કેવીરીતે કરી તે નિશ્ચિતતા કહી શકાય તેમ નથી. તેની રચના કરનારા અજ્ઞાત રહ્યા છે. તેથી એમ કહી શકાય કે તે લોકો દ્વારા જ રચાયેલું છે. અને લોકો જ તેના કર્તા અને રચયિતા છે.

(૫) લોકસાહિત્ય લોકજીવન અને તેમની જીવનપ્રણાલી માથી ઉદભવ્યું છે. તેથી તેમાં સાહજિક રીતે લોકોની છબી જોવા મળે છે. તેમાં ગ્રામ્ય લોકોની

લાગણીઓ-કલ્પનાઓ, ઇચ્છાઓ અને આશાઓનું સ્વાભાવિક રીતે આલેખન થયેલું છે.

(૬) લોકસાહિત્ય મૌખિક અને મૌલિક સાહિત્ય હોવાની સાથે સાથે તે લોકોનું સહિયારું નિર્માણ છે. તેનું નિર્માણ લોકો દ્વારા લોકસમૂહમાં અને ક્યારેક વ્યક્તિગત થાય છે. અશિક્ષિત અને લાગણીશીલ એવા લોકસમૂહમાંથી આ સાહિત્યનું નિર્માણ થાય છે.

(૭) લોકસાહિત્ય અને  લોકજીવન સાથે સીધો સંબંધ છે, તેમાં માનવ મનના બધાજ ભાવોનું આલેખન થાય છે. અને તેથી જ આ સાહિત્ય એના સાચા અર્થમાં લોકોનું સાહિત્ય કહેવાય છે. વ્યક્તિના જન્મથી માંડીને મૃત્યુ સુધીના વિવિધ પ્રસંગોમાં,જનસમાજમાં, જીવન ભાવનાઓમાં અને સફળતા-નિષ્ફળતાઓનો નિર્વ્યાજ આલેખ આ સાહિત્યમાં રચાયો છે.

(૮) લોકસાહિત્ય ગદ્યમાં, પદ્યમાં, અને ગદ્ય-પદ્ય મિશ્ર રૂપમાં રચાયેલું છે. સોરઠા, દુહા, લોકગીતો, જોડકણા, પાડા-ભજનો, વધરે પદ્યમાં તો કહેવતો, ટુચકા, લોકકથા, લોકવાર્તા, વગેરે ગદ્યમાં તો વળી દુહાબદ્ધ પ્રેમકથાઓ અને ભવાઈનાં વેશો વગેરે ગદ્ય-પદ્ય મિશ્રિત સાહિત્ય સ્વરૂપો રૂપે પ્રાપ્ત થાય છે.

(૯)  લોકસાહિત્ય સમૂહમાં આનંદ પ્રાપ્ત કરવાનું, જોવાનું અને સાંભળવાનું સાહિત્ય છે. તેથી તેમાં સરળતા, મધુરતા, અને વિશદતા હોય તે સ્વાભાવિક છે અને એટલુ જ નહિ, તે શિષ્ટ સાહિત્યની જેમ આનંદ પણ આપે છે અને લોકોમાં લોકપ્રિય અને પ્રચલિત બનેલું  સાહિત્ય છે.

- ***<u>સંદર્ભ સૂચી:-</u>***

(૧) 'લોકસાહિત્ય આલોક', સં.જસવંત શેખડીવાળા,પ્રકાશક:પાર્શ્વ પબ્લિકેશન,

નિશાપોળ, ઝવેરીવાડ,રિલીફ રોડ, અમદાવાદ, આવૃત્તિ.

(૨) 'લોકવિદ્યાવિજ્ઞાન', સં. હસુ યાજ્ઞિક, પ્રકાશક:યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ.

(૩) લોકવાડ્ંમય', સં.કનુભાઈ જાની, પ્રકાશક:નહેરુચેર, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ
પ્રથમ આવૃત્તિ.

(૪) 'લોકસાહિત્યનું સમાલોચન', સં.ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક:ગુર્જર ગ્રંથરત્ન
કાર્યાલય, અમદાવાદ.

(૫) 'લોકસાહિત્ય આલોક', સં.જસવંત શેખડીવાળા,પ્રકાશક: પાર્શ્વ પબ્લિકેશન,
અમદાવાદ.

(૬) 'લોકવિદ્યા-પરિચય' સં.હસુ યાજ્ઞિક, પ્ર.પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,પ્રથમ
આવૃત્તિ.

(૭) FOLKLORE AND THE STUDENT OF LITERATURE IN DUNDES. ARCHEER
TRAILER 1965.

(૮) FOLKLORE AND LITERATURE IN DUNDES. AU.F.S. ETIY., EDI.1965.